RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 12 * Issue No. 80 *Date: 12.1.2026,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# સોમનાથનો ઈતિહાસ વિનાશ અને પરાજયનો નથી, આ ઈતિહાસ વિજય અને પુનઃનિર્માણનો છે : શ્રી નરેન્દ્રભાઈ મોદી









ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના ૧૦૦૦ વર્ષ તથા પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે આયોજિત 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનાર શૂરવિરોને સમર્પિત 'શૌર્ય યાત્રા' માં સહભાગી થયા હતાં. દેવાધિદેવ મહાદેવ આધારિત થીમ પર અંત્યંત સુંદર રીતે શુશોભિત કરાયેલ શોર્ય સર્કલથી લઈ વીર હમીરજી ગોહિલની પ્રતિમાં સુધીના યાત્રાના સમગ્ર રૂટ પર સાધુ-સંતો, વિવિધ સમાજના અગ્રણીઓ અને સોમનાથવાસીઓ, સનાતનપ્રેમીઓ તેમજ દેશ-વિદેશથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શિવભકતોએ આ ઐતિહાસિક, અવિસ્મરણીય અને અદભૂત યાત્રાના સાક્ષી બની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું "હર હર મહાદેવ", "જય સોમનાથ" તેમજ "ભારત માતા કી જય" ના ગુંજારા સાથે ભવ્ય સ્વાગત કર્યુ હતું.

શૌર્ય યાત્રામાં ૧૦૮ અશ્વો, શંખ અને ડમરુના પ્રચંડ અને પવિત્ર ધ્વનિનાદ તેમજ 'હર હર મહાદેવ' ની ગુંજ સાથે સોમનાથમાં આયોજિત 'શૌર્ય યાત્રા'માં અલૌકિક ભકિતમય વાતાવરણનું સર્જન થયું હતું. યાત્રામાં વિવિધ વેષભુષા, યક્ષજ્ઞાન, કુચિપૂડી નૃત્ય, મણિયારો રાસ, ભરતનાટયમ, સહિતના વિવિધ પરંપરાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતાં. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખુલ્લી કારમાં ઊભા રહી ઉલ્લાસભેર વિશાળ જનસમુદાયને વંદન કરી, શિવજીનું પ્રિય ડમરુ વગાડી સૌ નાગરિકોના અભિવાદનને આત્મીયતાપૂર્વક ઝીલ્યું હતું. શ્રી મોદીજીએ વીર હમીરજી ગોહિલ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પૃષ્પાંજંલિ અર્પણ કરી વંદન કર્યા હતાં. 'શૌર્ય યાત્રા' માં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં. શોર્ય યાત્રા બાદ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મંદિરમાં દેવાધિદેવ મહાદેવજીની મહાપૂજા-અર્ચના, વૈદિક મંત્રોચ્ચાર અને જળાઅભિષેક કરી ૧૪૦ કરોડ દેશવાસીઓ સહિત સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત સોમનાથના સદભાવના ગ્રાઉન્ડ ખાતે જંગી જાહેરસભામાં 'જય સોમનાથ' અને 'હર હર મહાદેવના'ના પવિત્ર નાદ સાથે દેશવાસીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, આજનો સમય અદભૂત છે, આ વાતાવરણ અદભૂત છે અને આ ઉત્સવ પણ અદભૂત છે. એક તરફ સ્વયં દેવાધિદેવ મહાદેવની પાવન ઉપસ્થિતિ, બીજી તરફ સમુદ્રની વિશાળ લહેરો, સૂર્યકિરણોની તેજસ્વી આભા, મંત્રોની ગુંજ અને આસ્થાથી છલકતું દિવ્ય વાતાવરણ સોમનાથને અલૌકિક તેજથી ઝળહળતું બનાવે છે. ભગવાન સોમનાથના આ પાવન ધામમાં શિવભક્તોની વિશાળ ઉપસ્થિતિએ આ કાર્યક્રમને વધુ દિવ્ય અને ભવ્ય બનાવ્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું કે, સોમનાથ મંદિરના અધ્યક્ષ તરીકે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં સક્રિય સેવા કરવાની તક મળવી એ તેમનું સૌભાગ્ય છે. ૭૨ કલાક સુધી અખંડ ઓમકાર નાદ, એક હજાર ડ્રોન દ્વારા સોમનાથના એક હજાર વર્ષની ગૌરવગાથાનું દર્શન, વૈદિક ગુરુકુળના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ અને આજે ૧૦૮ અશ્વો સાથે નીકળેલી શૌર્ય યાત્રા, આ તમામ દશ્યો મનને મંત્રમુગ્ધ કરી દે તેવા છે. આ અનુભૂતિને શબ્દોમાં વ્યકત કરવી શક્ય નથી; તેને માત્ર સમય જ સંકલિત કરી શકે એમ છે. આ સમગ્ર આયોજનમાં ગર્વ છે, ગરિમા છે, ગૌરવ છે; સાથે જ વૈભવની વિરાસત, આધ્યાત્મની અનુભૂતિ, આત્મિયતા અને સંસ્કૃતિનું જ્ઞાન સમાયેલું છે. મહાદેવના આશીર્વાદે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ને અનન્ય અને ઐતિહાસિક બનાવ્યું છે.

-------

**સોમનાથ મંદિર પર પ્રથમ આક્રમણના એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મહાદેવના મંદિર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું પ્રતીક**

**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-------

**ગઝનવીથી લઈને ઔરંગઝેબ સુધીના આક્રમણકારો ઇતિહાસના પાનાઓમાં સમેટાઈ ગયા, જ્યારે સોમનાથ મંદિર એ જ વિશાળ દરિયાકિનારે ગગનચુંબી ધર્મધ્વજા સાથે અડીખમ ઊભું છે.**

**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-------

**મઝહબી ઉન્માદની માનસિકતાને કેવળ સાધારણ લૂંટ બતાવી આઝાદી બાદ કેટલાક રાજનેતાઓ અને ઇતિહાસકારો દ્વારા સત્ય ઢાંકવાના પ્રયાસો કરવામાં આવ્યા**

**- શ્રી નરેન્દ્રભાઇ મોદી**

------

**તુષ્ટિકરણના ઠેકેદારોએ કટ્ટરપંથી વિચારો સામે ઘૂંટણીયા ટેકી નફરત, અત્યાચાર અને આતંકનો અસલી ઇતિહાસ આપણાથી છુપાવી રાખ્યો**

**-શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-------

**દેશમાં આજે પણ સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો વિરોધ કરનારી તાકતો સક્રીય છે તેની સામે આપણે એકજૂટ રહેવું જરૂરી**

**-શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-------

**૧૪૦ કરોડ ભારતીયો વિરાસતથી વિકાસની પ્રેરણા લઈને વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પિત**

**-શ્રી નરેન્દ્રભાઇ મોદી-------**

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી





ગુજરાતની જનતાને આધુનિક અને ઝડપી પરિવહન સુવિધા પૂરી પાડવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેનની મુસાફરી કરી હતી. મેટ્રોમાં મુસાફરી કરી રહેલા સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ સહજ સંવાદ સાધ્યો હતો અને મેટ્રો સેવા અંગેના તેમના પ્રતિભાવો જાણ્યા હતા.

## હોમિયોપેથી સારવાર પધ્ધતિ માનવીના મન, આત્મા અને ચિત્તને યોગ્ય દિશામાં લઈ જઈ સ્વાસ્થ્ય પ્રદાન કરે છેઃ રાજ્યપાલ

**ડો. હેનિમેન પ્રેરિત હોમિયોપેથી સારવાર પદ્ધતિ માનવજાત માટે કલ્યાણકારી સાબિત થઈ છે**

**આણંદમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ડો.હેનિમેન એપ્લાઇડ હોમિયોપેથી ઓનલાઇન અભ્યાસક્રમ અને ઓર્ગોનન ઓફ મેડિસીન ડિજિટલ ડેવલપમેન્ટ કાર્યક્રમનો કરાવ્યો પ્રારંભ**

**હોમિયોપેથી તબીબો સમર્પણ ભાવથી કાર્ય કરી નાગરિકોમાં બિમારી ન આવે તે માટે પ્રાકૃતિક જીવનશૈલી અંગે વ્યાપક જાગૃતિ ઉભી કરે**



રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે કે, ભારતમાં પ્રાચીન ઋષિ પદ્ધતિની જીવનશૈલી રહી છે. જેમાં યોગ, પ્રાણાયામ, ધ્યાન અને આધ્યાત્મિકતાનો સમાવેશ થાય છે. હોમિયોપેથી સારવાર પદ્ધતિ ભારતીય ઋષિ પરંપરાનો ભાગ છે, જે માનવીના મન, આત્મા અને ચિત્તને યોગ્ય દિશામાં લઈ જઈ સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ડૉ. હેનિમેન પ્રેરિત હોમિયોપેથી સારવાર પદ્ધતિ માનવજાત માટે કલ્યાણકારી સાબિત થઈ છે. જેનો સમગ્ર દેશ સહિત વિશ્વમાં મહત્તમ પ્રચાર થાય તે માટે વિવિધ યુનિવર્સિટીઓમાં વ્યાપક સંભાવનાઓ રહેલી છે તેમ તેમણે ઉમેર્યું હતું.રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આણંદ એન.ડી.ડી.બી. ખાતેથી ડૉ.હેનિમેન એપ્લાઈડ હોમિયોપેથી ઓનલાઈન અભ્યાસક્રમ અને ઓર્ગોનન ઓફ મેડિસિન ડિજિટલ ડેવલપમેન્ટ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા હોમિયોપેથી અભ્યાસક્રમનો વ્યાપ વધે તે માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. રાજયપાલશ્રીના હસ્તે ૪૫ જેટલા નિષ્ણાત તબીબોનું સન્માન કરવામાં આવ્યું હતું.રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, પરંપરાગત સારવાર પદ્ધતિને પ્રોત્સાહન મળે તે માટે કેન્દ્ર સરકારે આયુષ મંત્રાલયની સ્થાપના કરી છે. ચોક્કસ લક્ષણો સાથે હોમીયોપેથી સારવાર પદ્ધતિમાં ઉપચાર થવાથી તેના અદભૂત પરિણામ મળે છે. હોમિયોપેથી તબીબોને સમર્પણ ભાવથી કાર્ય કરવા અને નાગરિકોમાં બીમારી ન આવે તે માટે પ્રાકૃતિક જીવનશૈલી અંગે વ્યાપક જાગૃતિ ઉભી કરવા અનુરોધ કર્યો હતો. રાજયપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીન બિનઉપજાઉ બનવા સાથે માનવ સ્વાથ્ય પર તેની ગંભીર અસર થઈ છે અને કેન્સર, હૃદય રોગ જેવી અસાધ્ય બિમારીઓનું પ્રમાણ વધ્યું છે.

તંત્રી લેખ

# સોના-ચાંદીમાં ફરીથી તેજીનું તોફાન

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના-ચાંદીના ભાવમાં વિશ્વ બજાર પાછળ તેજી આગળ વધી હતી. વિશ્વ બજાર ઉછળતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચકાઈ હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઉછળી ઔંસના ૪૫૦૦ ડોલર કુદાવી ગયા હતા. દરમિયાન, ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૩૦૦ ઉછળી ૯૯૯ના ભાવ રૂ.૧૪૨૫૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૨૮૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૪૦૦૦ ઉછળી રૂ.૨૪૮૦૦૦ બોલાતા થયા હતા.

ચાંદીના ભાવ બે દિવસમાં ૧૦ હજાર ઉછળ્યા છે. જ્યારે સોનાના ભાવ બે દિવસમાં રૂ.૨૩૦૦ વધી ગયા હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૪૬૪થી ૪૪૬૫ ડોલરવાળા વધી છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૪૫૦૯થી ૪૫૧૦ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસના ૭૭.૫૯થી ૭૭.૬૦ વાળા વધી ૭૯.૮૫થી ૭૯.૮૬ ડોલર રહ્યા હતા.

અમેરિકામાં જોબગ્રોથના ડેટા અપેક્ષાથી ઓછા આવતાં ત્યાં હવે વ્યાજના દરમાં વધુ ઘટાડો થવાની શક્યતા વધતાં તથા ડોલર ઈન્ડેક્સ ઉંચેથી ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડો એક્ટીવ બાયર્સ રહ્યા હતા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની મનસ્વી નિતીના કારણે વૈશ્વિક સ્તરે વિવિધ દેશોમાં અજંપો તથા રાજકીય અરાજકતા વધતાં તેના કારણે પણ સોનાની સેફ હેવન લદાયની બાઈંગને નવું કારણ મળ્યું હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા.

અમેરિકામાં જોબગ્રોથ ૫૦ હજારનો જ્યારે કેનેડામાં માત્ર ૮૨૦૦નો આવ્યો છે. કેનેડામાં બેરોજગારીનો દર વધી ૬.૮૦ ટકા થયો છે. અમેરિકામાં હાઉસિંગ સ્ટાર્ટના ડેટા પાંચ વર્ષનાં સૌથી નબળા આવ્યા છે.

# POCSO એક્ટમાં આવશે 'રોમિયો-જ્યુલિયટ ક્લોઝ' સુપ્રીમ કોર્ટ આવા પ્રેમીઓને રાહત આપવાના મૂડમાં!



સુપ્રીમ કોર્ટે બાળકોના શારીરિક શોષણથી બચાવવા માટે બનાવાયેલા ઝર્જી અધિનિયમના વધતા દુરૂપયોગ અંગે ગંભીર ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, આ કાયદો બાળકોની સુરક્ષા માટે એક પવિત્ર અને સારા ઈરાદાનું પ્રતિક છે. જોકે અનેક કિસ્સામાં તેનો હથિયાર તરીકે ઉપયોગ થાય છે. કોર્ટે કહ્યું કે, આ કાયદાને ખાસ કરીને તેવા કિસ્સામાં ખૂબ જ દુરુપયોગ થઈ રહ્યો છે જ્યાં કિશોરો (ટિનેજર્સ) વચ્ચે સંમતિથી સંબંધો બંધાયા હોય. પરંતુ પરિવારનો વિરોધ હોય. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ સમસ્યા અંગે ગંભીરતાથી વિચાર કરવા માટે જણાવ્યું છે. આવા કિસ્સામાં રાહત આપવા માટે રોમિયો-જુલિયેટ ક્લોઝ લાવવા અંગે પણ વિચાર કરવા માટે જણાવ્યું છે, જેથી વાસ્તવિક કિશોર જોડાઓને બિનજરૂરી ગુનાહિત કેસથી બચાવી શકાય.

ન્યાયમૂર્તિ સંજય કરોલ અને ન્યાયમૂર્તિ એન.કોટેશ્વર સિંહની પીઠે અલ્હાબાદ હાઈકોર્ટના એક ચુકાદા અંગે વ્યાપક નિર્દેશોને રદ કરતા કેન્દ્ર સરકારને રોમિયો-જુલિએટ ક્લોઝ નો સમાવેશ કરવા માટેની ભલામણ કરી છે. આ ક્લોઝ તરૂણોને પ્રેમ બાદ સહમતિથી બંધાયેલા સંબંધો બાદ પોક્સોમાં ફસાતા અટકાવવામાં મદદ કરશે. કાયદાકીય કઠોરતાથી બચાવશે. જ્યાં બન્ને પક્ષો સંમતીથી સંબંધોમાં હોય અને ઉંમરનું ખુબ જ સામાન્ય અંતર હોય.

સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી ઉત્તર પ્રદેશ રાજ્ય વિરુદ્ધ અનુરુદ્ધ મામલે આવી, જ્યાં અલ્હાબાદ હાઈકોર્ટે ઝર્જી નાં એક કિસ્સામાં આરોપીના જામીન આપતા સમગ્ર રાજ્યમાં લાગુ થનારા કેટલાક નિર્દેશ આપ્યા હતા. જેમાં ઉલ્લેખ હતો કે, ઝર્જી ના કેસની શરૂઆતમાં પીડિતાની ઉંમરનો મેડિકલ ટેસ્ટ ફરજિયાત કરાવવામાં આવે અને કોર્ટ શાળા અથવા જન્મતારીખના દાખલા અંગે શંકા જતા જ જામીન ફગાવી દેવામાં આવે.

બાર એન્ડ બેંચના રિપોર્ટ અનુસાર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અલ્હાબાદ હાઈકોર્ટે જામીન અરજીની સુનાવણી કરતા સમયે પોતાના અધિકાર ક્ષેત્રથી આગળ વધીને નિર્દેશો આપ્યા હતા.

# ધાનેરાની નેશનલ સ્કૂલ ખાતે અનાજ-કઠોળના ઉપયોગથી વિશેષ 'ચીટક કામ' સ્પર્ધા યોજાઈ

?ધાનેરાની ધ નેશનલ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે આજરોજ પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ માટે એક રચનાત્મક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

?શાળાના એમ.ડી. શ્રી નરપતસિંહ વાઘેલાની પ્રેરણાથી બાળકોમાં સર્જનાત્મક શક્તિ ખીલે અને તેમનામાં ધીરજ, ચીવટ તેમજ એકાગ્રતાનો ગુણ વિકસે તે હેતુસર અનાજ, ધાન્ય અને કઠોળના ઉપયોગ કરીને 'ચીટક કામ' કરાવવામાં આવ્યું હતું. આ અનોખી પ્રવૃત્તિમાં બાળકોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો અને પોતાની કલાસૂઝનું પ્રદર્શન કર્યું હતું.

?આ કાર્યક્રમમાં શાળાના એમ.ડી. શ્રી નરપતસિંહ વાઘેલા અને શ્રી જગદીશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકો દ્વારા તૈયાર થયેલ કૃતિઓને નિહાળીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.




# ઈરાનમાં આગામી ૭૨ કલાક 'ભારે'! ઠેર ઠેર હિંસા વચ્ચે ટ્રમ્પે કહ્યું- અમે સ્વતંત્રતા અપાવવા તૈયાર



આર્થિક સંકટના નામે ઈરાનમાં શરૂ થયેલું આંદોલન સતત ઉગ્ર રૂપ ધારણ કરી રહ્યું છે. મોંઘવારી અને બેરોજગારી મુદ્દે શરૂ થયેલા આંદોલનમાં હવે સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈને પદથી હટાવવા માંગ કરવામાં આવી રહી છે. એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે અમેરિકા ઈરાનને 'સ્વતંત્રતા' અપાવવા મદદ માટે તૈયાર છે.

ઈરાનમાં ઠેર ઠેર વિવિધ શહેરોમાં થઈ રહેલા દેખાવોમાં અનેક લોકોના મોતની પણ આશંકા છે. સ્થિતિ પર કાબૂ મેળવવા માટે સાતમી જાન્યુઆરીથી ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તેહરાન, તબરેઝ, મશહદ સહિતના ૧૦૦ શહેરોમાં ઉગ્ર હિંસા થઈ રહી છે. બીજી તરફ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામેનેઈએ આ આંદોલન પાછળ વિદેશી શક્તિઓનો હાથ હોવાનો આરોપ લગાવ્યો છે. ઈરાનની સરકારે ચેતવણી આપી છે કે આંદોલનમાં સામેલ લોકો 'ઈશ્વરના દુશ્મન' છે અને તેમને મોતની સજા પણ આપવામાં આવી શકે છે.

અમેરિકા પણ ઈરાનના આંદોલનને સતત સમર્થન આપી રહ્યું છે. હાલમાં જ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આંદોલનકારીઓને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.

એવામાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ઈરાનની સરકારને ચેતવણી આપી છે. ટ્રમ્પે કહ્યું છે, કે સત્તા પરિવર્તનમાં અમેરિકા મદદ કરશે, ઈરાનને 'સ્વતંત્ર' કરાવવા માટે અમે તૈયાર છીએ. ઈરાનના પૂર્વ રાજકુમાર રઝા પહેલવીએ અપીલ કરી છે કે લોકોએ હવે શહેરના મુખ્ય સ્થળો પર કબજો કરી લેવો જોઈએ. પહેલવીએ શનિવારે કહ્યું, કે આપણું લક્ષ્ય માત્ર રસ્તા પર ઊતરવું નથી. શહેરોના પ્રમુખ કેન્દ્રો પર કબજો કરી લો. દેશભરમાં મોટી સંખ્યામાં આંદોલન તેજ કરવું જોઈએ તેથી વર્તમાન સત્તાધીશો પર દબાણ વધારી શકાય. અર્થવ્યવસ્થા સાથે જોડાયેલા કર્મચારીઓએ હડતાળ પર ઉતરી જવું જોઈએ. ટ્રાન્સપોર્ટ, ઓઈલ, ગેસ સહિતના સેક્ટરના કર્મચારી કામ બંધ કરી દેશે તો સરકાર ઘૂંટણીયે આવી જશે. પહેલવીએ આંતરરાષ્ટ્રીય સમર્થનની પણ માંગ કરી છે. તથા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે.

ઠેર ઠેર ફેલાયેલી હિંસાના કારણે ઈરાનમાં શાળા અને કોલેજો પણ બંધ છે, શિક્ષણ ઓનલાઈન જ આપવામાં આવી રહ્યું છે. ઈરાનની સરકારી ટીવી ચેનલમાં આંદોલન કરી રહેલા લોકોને આતંકવાદી કહીને સંબોધિત કરવામાં આવી રહ્યા છે. સરકારી ટીવી ચેનલમાં કહેવામાં આવ્યું હતું કે હથિયાર સાથે આતંકવાદીઓએ અનેક જગ્યા પર હુમલા કર્યા અને આગચંપી કરી. નોંધનીય છે કે ઈરાનની અર્થવ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિના કારણે આ આંદોલન શરૂ થયા હતા. એક ડોલરની સામે ઈરાની રિયાલની કિંમત ૧૪ લાખ સુધી પહોંચી ગઈ છે.

# ઓસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગથી ઘરો બળીને ખાખ, ગરમીના મોજા વચ્ચે વીજળી ખોરવાઈ

તા. ૧૧

શનિવારે ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યમાં હજારો અગ્નિશામકોએ જંગલની આગ પર કાબુ મેળવવા માટે ભારે મહેનત કરી હતી, જેણે ઘરો તોડી નાખ્યા હતા, હજારો લોકો વીજળી કાપી નાખી હતી અને વિશાળ જંગલ વિસ્તારને બાળી નાખ્યો હતો.

ઓસ્ટ્રેલિયાના દક્ષિણપૂર્વમાં તીવ્ર ગરમીના મોજા વચ્ચે અઠવાડિયાના મધ્યમાં લાગેલી આ આગ, ૩૦૦,૦૦૦ હેક્ટર (૭૪૧,૩૧૬ એકર) થી વધુ જંગલને પોતાની લપેટમાં લઈ ગઈ છે, એમ અધિકારીઓએ શનિવારે સવારે જણાવ્યું હતું, અને ઉમેર્યું હતું કે રાજ્યભરમાં ૧૦ મોટી આગ હજુ પણ બળી રહી છે.

ઓથોરિટીએ જણાવ્યું હતું કે આગને કારણે ઘરો સહિત ૧૩૦ થી વધુ બાંધકામો નાશ પામ્યા છે અને લગભગ ૩૮,૦૦૦ રહેઠાણો અને વ્યવસાયો વીજળી વિનાના હતા. તેમણે કહ્યું કે ૨૦૧૯-૨૦૨૦ ના બ્લેક સમર આગ પછી રાજ્યમાં લાગેલી આ આગ સૌથી ખરાબ હતી, જેમાં તુર્કી જેટલો વિસ્તાર નાશ પામ્યો હતો અને ૩૩ લોકો માર્યા ગયા હતા.

વિક્ટોરિયાના પ્રીમિયર જેસિન્ટા એલને જણાવ્યું હતું કે હજારો અગ્નિશામકોએ આગને કાબુમાં લેવા માટે કામ કર્યું હતું. "જ્યાં આપણે આગને કાબુમાં લઈ શકીશું ત્યાં આગને કાબુમાં લેવામાં આવશે," એલને રાજ્યની રાજધાની મેલબોર્નથી ટેલિવિઝન પર પ્રસારિત મીડિયા કોન્ફરન્સમાં જણાવ્યું.

શનિવારે શરૂઆતમાં, વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે જણાવ્યું હતું કે રાષ્ટ્ર "ભારે અને ખતરનાક" આગના વાતાવરણનો સામનો કરી રહ્યું છે, ખાસ કરીને વિક્ટોરિયામાં, જ્યાં રાજ્યનો મોટાભાગનો ભાગ આપત્તિ ક્ષેત્ર જાહેર કરવામાં આવ્યો છે.

"મારા વિચારો આ મુશ્કેલ સમયમાં આ પ્રાદેશિક સમુદાયોના ઓસ્ટ્રેલિયનો સાથે છે," અલ્બેનીઝે કેનબેરાથી ટેલિવિઝન પર પ્રસારિત ટિપ્પણીમાં કહ્યું.

મેલબોર્નથી લગભગ ૧૧૨ કિમી (૬૯.૬ માઈલ) ઉત્તરમાં લોંગવુડ શહેર નજીક લાગેલી સૌથી મોટી આગમાં ૧૩૦,૦૦૦ હેક્ટર (૩૨૦,૦૦૦ એકર) ઝાડીઓ બળી ગઈ છે, જેમાં ૩૦ માળખાં, દ્રાક્ષવાડીઓ અને ખેતીની જમીનનો નાશ થયો છે, અધિકારીઓએ જણાવ્યું હતું.

આગની નજીકના ડઝનબંધ સમુદાયોને ખાલી કરાવવામાં આવ્યા છે અને રાજ્યના ઘણા ઉદ્યાનો અને કેમ્પગ્રાઉન્ડ્સ બંધ છે.

શનિવારે વિક્ટોરિયાના મોટા ભાગોમાં ગરમીની ચેતવણી આપવામાં આવી હતી, જ્યારે પડોશી ન્યુ સાઉથ વેલ્સ રાજ્ય અને ઓસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરી માટે આગની ચેતવણી સક્રિય હતી, એમ રાષ્ટ્રના હવામાન આગાહીકર્તાએ જણાવ્યું હતું.

# રૂંવાડા ઊભા કરી દેશે અમદાવાદની આ ઘટનાઃ નકલી અધિકારી બની મહિલા પર દુષ્કર્મ આચર્યું, હવે આજીવન કેદ

વર્ષ ૨૦૨૦માં ઈસનપુર પોલીસ મથકે મૂળ સુરેન્દ્રનગરના પ્રકાશ દેસાણી સામે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય, અપહરણ, સરકારી અધિકારીની ખોટી ઓળખ જેવી કલમો અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ૩૨ સાહેદ અને ૩૩ પુરાવાને આધારે આરોપીને આજીવન કારાવાસની સજા અને આશરે કુલ ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ આરોપી કોલકાતાથી ઝડપાયો હતો.

કેસને વિગતે જોતા એક વ્યક્તિ અને ભોગ બનનાર મહિલાને પ્રેમ સંબંધ હતો. ભોગ બનનાર મહિલા રીક્ષામાં લાંભા તરફ જઈ રહી હતી. ત્યારે તેની રીક્ષાને એક રિક્ષાએ રોકી હતી અને અંદર બેસેલા વ્યક્તિઓએ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી હતી. તેમજ ચોરીના કેસમાં મહિલા ઉપર આક્ષેપ હોવાનું જણાવ્યું હતું. તેથી ગાયકવાડ હવેલી પોલીસ મથકે જવા મહિલાને રિક્ષામાં બેસવા જણાવ્યું હતું.આરોપીઓએ મહિલાનું અપહરણ કર્યું હતું અને તેના પ્રેમી સાથે તેના જ ફોન પરથી વાત કરાવીને ૩૦ હજાર રૂપિયા માંગ્યા હતા. બાદમાં પીડિતાનો ફોન બંધ કરી દીધો હતો. આથી મહિલાના પ્રેમીએ પોલીસને જાણ કરી હતી અને ૧૦ હજાર રૂપિયા



આરોપીઓએ કહેલા ખાતામાં ટ્રાન્સફર કર્યાં હતા. છેવટે ભોગ બનનાર ગમે તેમ કરીને પોતાના ઘરે આવી હતી. ત્યારે પોલીસે ફરિયાદ નોંધીને તેનું નિવેદન નોંધ્યું હતું.

પીડિતાના જણાવ્યાનુસાર, આરોપીઓએ રિક્ષામાંથી તેને એક ગાડીમાં લઈ ગયા હતા. જ્યાં આરોપીઓએ રસ્તા વચ્ચેથી દારૂની બોટલ લીધી હતી. ત્યારે ધોળકા પાસે આરોપીઓ મહિલાને એક નિર્જન સ્થળે લઈ ગયા હતા. જ્યાં તેની ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય અને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આરોપીઓ જ્યારે નશામાં હતા. તેનો લાભ લઈને ભોગ બનનાર ભાગી છૂટી હતી. ઓળખ પરેડમાં ભોગ બનનાર મહિલાએ આરોપીઓને ઓળખી બતાવ્યો હતો. પોલીસે મુદ્દા માલ કબજે કર્યો હતો. ભોગ બનનારે એવું પણ જણાવ્યું હતું કે આરોપીઓ તેને રીક્ષામાં એક પોલીસ સ્ટેશનથી દૂર ઊભી રાખીને એક વ્યક્તિ પોલીસ મથકમાં પણ ગયો હતો. વળી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરતા પહેલા આરોપીઓએ તેને દારૂનું સેવન કરવા જણાવ્યું હતું. જેનો તેને ઈન્કાર કરતા તેને જબરજસ્તી દારૂનું સેવન પણ કરાવ્યું હતું

ત્યારબાદ આરોપીઓએ મહિલાને કપડાં ઉતારવા કહ્યું હતું. પરંતુ મહિલાએ ના પાડતા બળજબરીથી તેના પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું, તેમજ માર માર્યો હતો. આરોપીઓએ વધુ દારૂ પી લેતા તે નશામાં હતા, ત્યારે મહિલા ભાગી છુટી હતી. મહિલાને શરીરમાં દુઃખાવો થતાં તે નજીકના આવેલા કેટલાક ઘરના લોકોનો સંપર્ક કર્યો હતો. જ્યાં બે મહિલાઓએ તેની મદદ કરી હતી. ત્યાંથી પોતાના ઘરે પહોંચી હતી અને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.આરોપી વતી રજૂઆત કરવામાં આવી હતી કે તેને દલિત સમાજમાં લગ્ન કર્યા હોવાથી તેને નાત બહાર કરાયો હતો. તેના કાકા સસરા પોલીસ ઈન્સ્પેક્ટર હોવાથી તેને ફસાવવા માટે આ ખોટો કેસ ઊભો કરાયો છે. જો કે, અદાલતે આરોપીને આજીવન કરાવવાથી સજા અને આશરે ૦૪ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ફરીવાર અમેરિકન પ્રમુખનું ગ્રીનલેન્ડ મામલે મોટું નિવેદન

# અમેરિકા 'ગ્રીનલેન્ડ પર કંઈક કરશે', રશિયા અને ચીનના કબજાના જોખમનો ઉલ્લેખ કર્યો: ટ્રમ્પ

વોશિંગટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર પોતાની ધમકીઓનું પુનરાવર્તન કરતા કહ્યું કે અમેરિકા "તેમને ગમે કે ન ગમે", આ પ્રદેશ સાથે કંઈક કરશે. વ્હાઈટ હાઉસ ખાતે ટોચના તેલ અને ગેસ અધિકારીઓ સાથેની તેમની બેઠક દરમિયાન મીડિયા બ્રીફિંગમાં આ વાત કહી. પોતાની ટિપ્પણીઓને યોગ્ય ઠેરવતા, ટ્રમ્પે કહ્યું કે જો તેઓ કાર્યવાહી નહીં કરે, તો ચીન કે રશિયા ગ્રીનલેન્ડ પર કબજો કરશે. "અમે ગ્રીનલેન્ડ પર કંઈક કરવાના છીએ, ભલે તેમને ગમે કે ન ગમે, કારણ કે જો આપણે તે નહીં કરીએ, તો રશિયા કે ચીન ગ્રીનલેન્ડ પર કબજો કરશે - અને આપણે રશિયા કે ચીનને પાડોશી તરીકે રાખવાના નથી. હું સરળ રીતે સોદો કરવા માંગુ છું, પરંતુ જો આપણે તે સરળ રીતે નહીં કરીએ, તો આપણે તે મુશ્કેલ રીતે કરીશું," ગ્રીનલેન્ડ વિશે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું.

ડેનમાર્ક વિશે બોલતા, ટ્રમ્પે કહ્યું કે ૫૦૦ વર્ષ પહેલાં આ પ્રદેશમાં બોટ ઉતારવાનો "એટલો અર્થ નથી કે તેઓ જમીનના માલિક છે."

"અને બાય ધ વે, હું ડેનમાર્કનો પણ ચાહક છું. તેઓ મારી સાથે ખૂબ જ સારા રહ્યા છે. હું તેમનો મોટો ચાહક છું, પરંતુ ૫૦૦ વર્ષ પહેલાં ત્યાં તેમની પાસે બોટ લેન્ડ હતી તેનો અર્થ એ નથી કે તેઓ જમીનના માલિક છે.

"અમારી પાસે ત્યાં પણ ઘણી બધી બોટ જતી હતી. પરંતુ આપણને તેની જરૂર છે કારણ કે જો તમે અત્યારે ગ્રીનલેન્ડની બહાર એક નજર નાખો, તો ત્યાં રશિયન ડિસ્ટ્રોયર, ચીની ડિસ્ટ્રોયર અને મોટી, રશિયન સબમરીન બધે છે. આપણે રશિયા કે ચીન ગ્રીનલેન્ડ પર કબજો કરવાના નથી, અને જો આપણે નહીં કરીએ તો તેઓ તે જ કરવાના છે. આપણે ગ્રીનલેન્ડ સાથે સરસ રીતે અથવા મુશ્કેલ રીતે કંઈક કરીશું," તેમણે કહ્યું.

જ્યારે યુએસ પાસે લશ્કરી હાજરી હોય છે જેનો તે વિસ્તાર કરી શકે છે ત્યારે ગ્રીનલેન્ડની "માલિકી" રાખવી કેમ મહત્વપૂર્ણ છે તે પૂછવામાં આવ્યું ત્યારે, ટ્રમ્પે કહ્યું કે માલિકીનો બચાવ કરે છે અને ભાડાપટ્ટે નહીં. "જ્યારે આપણે તેના માલિક છીએ, ત્યારે આપણે તેનો બચાવ કરીએ છીએ.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-








**NOG SS NO 378**

વિષય: મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા, હૂંફ
શીર્ષક: "હૂંફ"
પ્રકાર: પદ્ય
શબ્દ સંખ્યા: ૬૩

ભીતર હશે એવું ઉપર પણ આવશે,
એ લાગણીની ક્ષણ પ્રખર પણ આવશે.

જ્યાં હૂંફની આશા હતી ક્યાં એ મળી,
આંખો સુધી એની અસર પણ આવશે.

છે દેહ માટીનો તો એ માટી થશે,
થઈ રાખ ઉડવાની ખબર પણ આવશે.

પરવા કદીયે જેમણે નો'તી કરી,
એ ખોદવા મારી કબર પણ આવશે.

હું રાહ જોઈ દ્વાર પર બેસી રહ્યો,
કે કંઈક તો એની ખબર પણ આવશે.

-રમેશ શર્મા 'વ્યોમ'
અમદાવાદ

★★★★★★

**NOG SS No. 0185**

વિષય : મનુષ્ય જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, શ્રદ્ધા, અને હુંફ,
શીર્ષક : જીવનનાં તથ્યો
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૧૧

મનુષ્ય જીવન અતિ દુર્લભ ગણીને, સત્યનાં પાયે સાચવજે,
સત્યનાં અતિ કઠિન માર્ગમાં, સફળ થઈ મહાનતા કેળવજે,

રસહિન જીવન તારું ના કરીશ, પ્રેમરસોને અંતરે પ્રગટાવજે,
લાગણીનાં સ્પંદનો સર્વમાં રોપીને, એકલતા તારી દૂર કરજે,

સુખ ને દુ:ખની જોડીએ, જીવન તારું કર્મો સંગ વહેતું જશે,
શ્રદ્ધાના ઘૂંટે મૂલ્યાંકન કરી, જીવન તારું વિશ્વાસે વહી જશે,

સત્ય વર્તાય છે અણુ અણુમાં, પ્રેમધારાએ જીવન વહાવજે,
દ્રષ્ટિ તારી ખુલ્લી રાખીને, અણસારો શ્રદ્ધાએ તું ઓળખજે,

જીવન નૌકા તારી પ્રેમથી ચલાવતો રહેજે, શ્રદ્ધાને સથવારે,
નિષ્ફળતાને હુંકારે પ્રેમે ઢાંકી, હૂંફે તકોથી ચાલજે સથવારે,

જીવનનાં તથ્યોને ઓળખીને, પ્રેમરૂપી શ્રદ્ધાની હુંફે ચાલજે,
પડકારોનાં પગરવને સાંભળી, સત્યનું શરણું મેળવી ચાલશે,

ઋણાનુબંધોથી સત્ય-પ્રેમ-લાગણી, શ્રદ્ધાને અંતરે ઉતારજે,
'ઝરૂખો' લખે સર્વે તત્ત્વોને અંતરમાં ઉતારી, હુંફ તું મેળવજે.

દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★

**NOG. SS No: 194**

વિષય : મનુષ્યનું જીવન એટલે સત્ય,પ્રેમ,લાગણી વિશ્વાસ,શ્રદ્ધાને હુંફ
શીર્ષક : સંવેદનાઓ માનવ જીવનની
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૪

" મનુષ્યનું જીવન એટલે સત્ય પ્રેમ લાગણી વિશ્વાસ શ્રદ્ધા ને હૂંફ,
પરમતત્વના અણમોલ આ ઉપહારનું કરવું શી રીતે મૂલ.

જન્મથીજ મૃત્યુ ચાલે સમાંતર, જીવાતા જીવનનું છે એ સત્ય ગૂઢ,
પ્રેમના રંગે રંગી જીવને, ઈશ્વરે સર્જ્યું વિશ્વ અનેરું ને અદભુત.

બીજ લાગણીનું આરોપી જીવમાં, ઠાલવી સંવેદનાઓ ડુબાડુબ,
વિશ્વાસને બનાવ્યો શ્વાસ સંબંધમાં, શ્રદ્ધાના દીપને કર્યો આરૂઢ.

આ બધી જ ઘટનાઓના ચક્રે, ફરતું જીવન બનતું સતત છાંવ ને ધૂપ,
સંવેદનાઓના આ સરવાળે સચવાતી, પરસ્પરમાં આગવી હુંફ.

સંવેદનાઓ આ માનવ જીવનની, ઘડતી વ્યક્તિને ટીપી ટીપીને જરૂર,
ખ્વાઈશ 'ખ્યાતિ'ની બસ એટલી જ કે, સુખદ સ્મૃતિઓ એના જીવનમાં
વધતી રહે ભરપૂર."

નામ: ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

# રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા અંતર્ગત ડાંગ જિલ્લા કરાટે ચેમ્પિયનશિપ–૨૦૨૬નું ભવ્ય આયોજન

આહવા ટિમ્બર હોલ ખાતે ડાંગ જિલ્લાની બીજી જિલ્લાકક્ષાની કરાટે ચેમ્પિયનશિપ–૨૦૨૬નું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું. રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા યોજનાના અંતર્ગત આયોજિત આ ટૂર્નામેન્ટમાં સમગ્ર જિલ્લામાંથી આશરે ૮૦૦થી વધુ વિદ્યાર્થી ખેલાડીઓ અને ૭૦ શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સ્પર્ધા સંપૂર્ણપણે નિ:શુલ્ક રાખવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટનું આયોજન સપોટસ કરાટે એશોસિએશન, ડાંગ સંસ્થા ના સહયોગ સાથે કરવામાં આવ્યું હતું.



મહાનુભાવ ઉપસ્થિતિ:

મુખ્?ય મહેમાન તરીકે ડાંગ જિલ્લા ધારાસભ્ય અને ગુજરાત સરકારના મુખ્ય દંડક શ્રી વિજયભાઈ આર. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા. જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી જિગ્નેશભાઈ ત્રિવેદી અને જિલ્લા સહાયક કો-ઓર્ડિનેટર શ્રીમતી રંજનબેન પણ હાજર રહ્યા. તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓના સિનિયર કરાટે અધિકારીઓએ પણ ભાગ લીધો.

સ્પર્ધા અને પરિણામો:

વિદ્યાર્થી ખેલાડીઓએ કરાટે કાતા અને કુમિતે સ્પર્ધાઓમાં શિસ્ત, ઉત્સાહ અને રમતભાવનાથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. અંતે ઈસ્ઇજી, આહવા શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે ટિમ્બર થાવા પ્રાથમિક શાળા દ્વિતીય સ્થાને રહી. શ્રેષ્ઠ કોચ એવોર્ડ શ્રી આશિક ચૌધરીને કરાટે ક્ષેત્રે ઉત્તમ માર્ગદર્શન આપવા બદલ આપવામાં આવ્યો.

આભાર અને સહયોગ:

ચેમ્પિયનશિપની સફળતા માટે સપોટસ કરાટે એશોસિએશન ડાંગ સંસ્થા ઉપરાંત, કરાટે-ડો ફેડરેશન ઓફ ગુજરાતના પ્રમુખ હાંશી કલ્પેશ ખત્રી સાહેબના અમૂલ્ય માર્ગદર્શન અને સતત સહયોગ બદલ આયોજક સમિતિએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. તાપી, નવસારી અને વલસાડ જિલ્લાઓ તરફથી પણ વિશેષ સહયોગ મળ્યો.

આયોજકો:

આ ટૂર્નામેન્ટનું સફળ આયોજન પ્રમુખ શ્રી મિનેશભાઈ ભોયે, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ ભિવશન, મહામંત્રી શ્રી વિજયભાઈ આર. રાઉત અને સહ મહામંત્રી શ્રી વૈભવભાઈ માહલાએ અવિરત મહેનત અને પ્રયાસોથી સુનિશ્ચિત કર્યું.

આ ટૂર્નામેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મરક્ષા, આત્મવિશ્વાસ, શારીરિક તંદુરસ્તી અને શિસ્તના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું. આયોજક સમિતિ દ્વારા તમામ મહેમાનો, કોચો, રેફરીઓ, શિક્ષકો અને ખેલાડીઓને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.




લક્ષ્ય આરોગ્યમ ના લક્ષ સાથે મહિલા પતંજલિ યોગ સમિતિ, માનવ યોગ સેવા ટ્રસ્ટ અને જય અંબે પરિવાર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર ૧૩/બી ખાતે ચાલી રહેલ સર્વ રોગ નિવારણ પંચ દિવસીય યોગ વિજ્ઞાન શિબિરના છેલ્લા દિવસે આયોજકોને મા જંગદંબાની પ્રતિમાની સ્મૃતિ ભેટ આપી સર્વ કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. યોગ શિબિર પછી રાખવામાં આવેલ રોગ નિદાન શિબિરમાં ૫૭ વ્યક્તિઓએ નાડી ચિકિત્સા દ્વારા રોગનું નિદાન કરાવી માર્ગદર્શન મેળવ્યું હતું.

# કચ્છમાં 'કાશ્મીર' જેવો માહોલ: ૩.૮ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર, વાહનો પર જામી બરફની ચાદર!

ગુજરાતમાં ઉત્તર તરફથી ફૂંકાતા બરફીલા પવનોને કારણે સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ખાસ કરીને સરહદી જિલ્લા કચ્છમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. રવિવારે (૧૧મી જાન્યુઆરી) કચ્છના નલિયામાં લઘુત્તમ તાપમાન ગગડીને ૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે ચાલુ સિઝનનું સૌથી નીચું તાપમાન છે.નલિયા અને આસપાસના વિસ્તારોમાં ઠંડી એટલી પ્રચંડ હતી કે વહેલી સવારે ખુલ્લામાં પાર્ક કરેલા વાહનો, ખેતરોમાં પાક અને ઘરની બહાર પડેલી ચીજવસ્તુઓ પર બરફના થર જામી ગયેલા જોવા મળ્યા હતા. પશ્ચિમ કચ્છના અબડાસા, લખપત અને



નખત્રાણા પંથકમાં લોકોએ જાણે કાશ્મીર જેવો અહેસાસ કર્યો હતો.કચ્છ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ પારો સિંગલ ડિજિટમાં પહોંચ્યો છે. નલિયામાં સીઝનનું સૌથી નીચું ૩.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. જ્યારે ભુજમાં પણ ૯ ડિગ્રી સુધી તાપમાનનો પારો ગગડ્યો છે. આ ઉપરાંત અમરેલીમાં ૭.૬ ડિગ્રી, રાજકોટમાં ૮.૯ ડિગ્રી અને ગાંધીનગરમાં ૯.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.કાતિલ ઠંડીના કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે. ઠંડીના ડરથી શહેરો અને ગામડાઓમાં રાત્રે ૮ વાગ્યા બાદ સ્વયંભૂ કરફ્યુ જેવો માહોલ જોવા મળે છે અને લોકો સવારે મોડા સુધી ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. પશુપાલકો અને ખેડૂતોએ ઠંડીથી બચવા માટે ઠેર-ઠેર તાપણાંનો સહારો લીધો છે.ભારતીય હવામાન વિભાગ અનુસાર, આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીનું જોર યથાવત્ રહેશે.

# જે દેશમાં ટ્રમ્પે હુમલાની ધમકી આપી ત્યાં થયું વિમાન ક્રેશ, જાણીતા સિંગર સહિત ૬ના મોત

કોલંબિયાના બોયાકા પ્રાંતમાં એક ખાનગી ચાર્ટર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ ભયાનક અકસ્માતમાં કોલંબિયાના જાણીતા ગાયક યેઇસન જિમેનેઝ (ૠૌર્જહ ત્નૈદ્ઘીહીડ) નું નિધન થયું છે. સિંગરની સાથે પ્લેનમાં સવાર પાયલટ અને તેમની ટીમના અન્ય ૪ સભ્યોએ પણ જીવ ગુમાવ્યા છે.

પ્રાથમિક તપાસ મુજબ, આ ચાર્ટર વિમાને 'જિયાન જોસ રોન્ડોન' એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ વિમાન જરૂરી ઊંચાઈ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહ્યું હતું અને રનવેની



નજીક જ એક ખેતરમાં જઈને ખાબક્યું હતું. દુર્ઘટના સ્થળના વીડિયોમાં વિમાનનો કાટમાળ આગની લપેટમાં ઘેરાયેલો જોવા મળ્યો હતો. આ ઘટના બોયાકાના પાઈપા અને દુઈતામા વચ્ચેના વિસ્તારમાં બની હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, યેઇસન જિમેનેઝ બોયાકા ખાતે એક મ્યુઝિકલ પરફોર્મન્સ આપીને પરત ફરી રહ્યા હતા. તેઓ મેડેલિન એરપોર્ટ જઈ રહ્યા હતા, જ્યાંથી તેમને મારિનિલામાં આયોજિત અન્ય એક કાર્યક્રમમાં પહોંચવાનું હતું. કમનસીબે, મંજિલ પર પહોંચતા પહેલા જ વિમાન દુર્ઘટનાનો શિકાર બન્યું હતું.

જિમેનેઝના નિધનના સમાચારથી તેમના લાખો ચાહકો સ્તબ્ધ થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર તેમના ગીતો અને વીડિયો શેર કરીને ચાહકો ભાવુક શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.ભવિષ્યવાણી જેવો સંયોગ: એક ચાહકે સોશિયલ મીડિયા પર લખ્યું કે, યેઇસન જિમેનેઝે ઘણી વાર હવાઈ દુર્ઘટનામાં મૃત્યુ પામવાનું સપનું જોયું હોવાની વાત કરી હતી.

# ભવિષ્યની પેઢીને શિક્ષણ, સંગઠન અને સંસ્કારની ભેટ આપવા ઉભી કરાતી,આ સંસ્થાના નિર્માણમાં માત્ર પૈસાનું જ નહીં, પણ સમયનું દાન પણ અતિ મહત્વનું- ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

તા.૧૧,જાન્યુઆરી

'શિક્ષણ' એ કોઈપણ સમાજના સર્વાંગીણ વિકાસનો મુખ્ય 'આધારસ્તંભ' છે.જેને સાકાર કરવા સમગ્ર આંજણા ચૌધરી સમાજના પ્રયત્નોથી ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં જમિયતપુરા ખાતે અંદાજે રૂ.૩૦૦ કરોડથી વધુના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ ભવ્ય 'વિશ્વ આંજણાધામ' આકાર પામશે.

જેના ભાગરૂપે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ મ્હૌંજી શ્રી સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય શ્રી જ્ઞાનવત્સલ સ્વામીજી, સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરીયા સહિત દાતાશ્રી તથા સમાજના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિમાં આજે વિશ્વ આંજણાધામનો ભવ્ય ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો.

ભવિષ્યની પેઢીને શિક્ષણ, સંગઠન અને સંસ્કારની ભેટ આપવા ઉભી કરાતી,આ સંસ્થાના ભૂમિ પૂજન પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ સમાજને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેતી અને પશુપાલન કરતો આંજણા ચૌધરી સમાજનો ૯૦% વર્ગ વહેલી સવારે જાગી મોડી રાત સુધી સતત કામ કરતો રહે છે. ૧૦% લોકો પોતાની રીતે સારી રીતે જીવી શકે તેવા સક્ષમ બન્યા છે, જ્યારે માત્ર બે ટકા વર્ગ આર્થિક રીતે સંપૂર્ણ સક્ષમ છે, માટે આ સમાજના સંપૂર્ણ સક્ષમ વર્ગે જ આગળ આવી



સમાજના એ ૯૦% વર્ગ ટકાના ઉત્કર્ષ માટે વિચારવું પડે, પહેલ કરવી પડે, જેના થકી નાનામાં નાનો વ્યક્તિ સમાજ ઉત્કર્ષની આ ભાવનામાં જોડાઈ શકે. સમાજના અગ્રગણ્ય લોકોએ પાછળ રહી ગયેલા લોકોનું વિચાર્યું અને તેમાંથી જ આ સંસ્થા બીજનો ઉદય થયો છે.

આ અંગે વિધાનસભા અધ્યક્ષશ્રીએ વધુમાં કહ્યું હતું કે, માત્ર પૈસાનું જ નહીં, પણ સમયનું દાન પણ સંસ્થાના નિર્માણમાં અતિ મહત્વનું છે. ૨૦ વર્ષથી વિચારોમાં શિક્ષણ માટે ચાલતાં આ નિર્ણયને આજે એક દિશા મળી છે. સાથે દાન ભેગું કરવાનો જેટલું પડકાર છે, તેનાથી મોટો પડકાર તેને ખર્ચ કરવાનો છે, તેમ જણાવી શ્રી શંકરરભાઈ ચૌધરીએ ઈન્વેસ્ટમેન્ટ ક્યાં કરવું, ખર્ચ અને રોકાણની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની વ્યાખ્યા કરવા સંસ્થાના અગ્રણીઓને અનુરોધ કર્યો હતો.

આ તકે રોકાણની વાત કરતા તેમણે ઉપસ્થિત સૌને જણાવ્યું હતું કે, ખરેખર રોકાણ યુવા શક્તિના ટેલેન્ટ માટે યુવા શક્તિની સ્કીલ પારખવા માટે કરવું જરૂરી છે. કોઈપણ કાર્યનું ધ્યેય માત્ર આર્થિક ઉપાર્જન ન હોવો જોઈએ. આપણા આદર્શો, સંસ્કાર અને શક્તિ છોડ્યા વગર પૈસાની પાછળ આયુષ્ય અને ખુશીયો ન ખોઈ બેસીએ તે પણ જરૂરી છે. આપણા બધા જ સંસ્કારોને સાચવતા પ્રગતિની દિશામાં સૌએ આગળ વધવાનું છે. જેમાં આપણે આધ્યાત્મિક શક્તિ પણ ડેવલપ કરવાની છે, જેની શરૂઆત ગર્ભ સંસ્કારથી કરવી પડશે. રાષ્ટ્ર માટે સમર્પિત, બુદ્ધિમત્તામાં શ્રેષ્ઠ અને સારા સંસ્કારો વાળા ભવિષ્યના નાગરિકો ભારતને આપવા માટે માત્ર ગર્ભ સંસ્કાર એક ઉપાય છે.

માત્ર ભૌતિકતાનો વિચાર કરીશું તો તેમાં કંઈ ખૂટશે જ, માટે આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાયેલા આંજણા ચૌધરી સમાજના ભાઈ -બહેનોને વિશેષ વિનંતી કરતા શ્રી શંકરભાઈ ચૌધરી જણાવ્યું હતું કે, કોઈપણ નાના મોટા પ્રસંગે ખોટા ખર્ચા ન કરતા આ પૈસો ભવિષ્યની પેઢી માટે ખર્ચાય તેવો બદલાવ લાવવાની અને વ્યવસ્થા કરવાનો સમય હવે આવી ગયો હોવાનું જણાવ્યું હતું.

અંતે તેમણે 'આંજણા એટલે કોઈપણ પ્રકારનું વ્યસન ન હોય તે તેની મુખ્ય ઓળખ અને વ્યાખ્યા છે' તેવું કહી યુવાનોને કોઈ પણ પ્રકારના વ્યસનોથી દૂર રહેવા પણ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સમાજ માટે આ કાર્યોમાં સરકારી મંજૂરીથી માંડી વિવિધ પ્રકલ્પોમાં સહાયક બનવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે પરમ પૂજ્ય જ્ઞાન વત્સલ સ્વામી દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને આશિર્વચન આપતા જણાવ્યું હતું કે, આંજણા ચૌધરી સમાજ દ્વારા જ્યારે આ ભવ્ય ઈતિહાસ રચાઈ રહ્યો છે, ત્યારે આ ભવનની નીવમાં શિક્ષણ, સંસ્કાર અને સંગઠન આ ત્રણ પાયાના બીજ રોપાયા છે. સમાજ ઉત્કર્ષની સુંદર ભાવનાથી આ ભવન નિર્માણ પામી રહ્યું છે, જેના માટે તેમણે સર્વે આગેવાનોને અભિનંદન પાઠવ્યા હતા.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ સંસ્થાના વિકાસમાં શરૂઆત બિંદુ હોય છે. આંજણા ચૌધરી સમાજનું આ પ્રથમ વિરાટ કાર્ય થવા જઈ રહ્યું છે અને આ કાર્યમાં સંગઠન ભાવના અને સમર્પણ સાથે સેવાનો ભાવ છે એટલે ચોક્કસ સમય પહેલા આ નિર્માણ કાર્ય પૂર્ણ થશે.

આ સાથે જ શ્રી જ્ઞાનવત્સલ સ્વામી દ્વારા પ્રમુખસ્વામી મહારાજના પ્રેરણાત્મક પ્રસંગો દ્વારા સમાજ માટે સમર્પણની ભાવના કેવી હોય, તે સમજાવ્યું હતું. સમાજ દ્વારા દાનવીરોનો તરવાટ આવો જ સુંદર રહેશે તો ભારત જ નહીં સમગ્ર વિશ્વભરમાં આંજણા ચૌધરી સમાજના આવા અનેક સંસ્થાનોનો ઉદય થશે.





Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat